# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-02-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION

રાજ્યમાં સ્થાનિક રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગરપાલિકા તેમજ ગાંધીનગર, કઠલાલ અને કપડવંજ તાલુકાના પંચાયતની સામાન્ય ચૂંટણી અને પેટા ચૂંટણી માટે આવતીકાલે મતદાન યોજાશે. આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારો ચૂંટણી લડશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની 28 બેઠકો પર યોજાનારી ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી દેવાઈ છે. સેક્ટર-15 ની કોલેજ ખાતે ચૂંટણી કામગીરીમાં રોકાયેલા કર્મચારીઓને EVM સહિતની ચૂંટણી સામગ્રીની ફાળવણી કરાઇ. આ વિશે તાલુકા ચૂંટણી અધિકારી મલય ભુવાએ વધુ માહિતી આપી..

(બાઈટ: મલય ભુવા - તાલુકા ચૂંટણી અધિકારી)

. . . . . . . . . . . . .

# CM GANDHINAGAR CASTOR CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરમાં એરંડાના પાક અને ઉદ્યોગ અંગેની વૈશ્વિક પરિષદનું ઉદ્ઘાટન કર્યું. શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાતે હંમેશા ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતા અપનાવી છે. ગુજરાત માત્ર આર્થિક ગ્રોથ એન્જિન જ નહીં પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતિક બન્યું છે. ગુજરાત દેશમાં એરંડાનું અગ્રીમ ઉત્પાદક રાજ્ય છે, તેમ પણ તેમણે કહ્યું હતું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી )

. . . . . . . . . . . . .

# CM RERA WEB PORTAL

ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલની કાર્યવાહી હવે ઓનલાઈન થશે. આ માટેના great.gujarat.gov.in વેબ પોર્ટલનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં શુભારંભ કર્યો. આ વેબ પોર્ટલના માધ્યમથી અપીલ ફાઇલિંગ અને નોંધણી, ફી અને ડિપોઝિટની ઓનલાઈન ચુકવણી , અપીલની ચકાસણી અને પ્રશ્નોનું સમાધાન, હદ-ગણતરી અને વિલંબિત માફી માટેની અરજી સહિતની 17 કામગીરી ઓનલાઈન થશે.

. . . . . . . . . . . . .

# DAHOD ACCIDENT

દાહોદ જિલ્લામાં લીમખેડા પાસે થયેલા ગમખ્વાર અકસ્માતમાં ચાર શ્રદ્ધાળુઓના મોત થયાં છે. જ્યારે આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પ્રયાગરાજનાં મહાકુંભમાં થી પરત ફરી રહેલા ગુજરાતનાં શ્રદ્ધાળુઓની કાર લીમખેડા નજીક હાઈ-વે પર ઉભી રહેલી ટ્રક સાથે અથડાતાં આ અકસ્માત સર્જાયો હતો. તેમાં એક મહિલા સહિત ચાર જણનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં.

અકસ્માતની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. તમામ ઘાયલોને સારવાર માટે સિવિલ હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા. પોલીસનાં જણાવ્યાં મુજબ મૃત્યુ પામેલા શ્રદ્ધાળુઓ ભરૂચ જિલ્લાનાં અંકલેશ્વરનાં અને અમદાવાદનાં ધોળકાનાં હતાં.

. . . . . . . . . . . . .

# PATAN- GHEE SEIZE

ખોરાક અને ઔષધ નિયમન વિભાગે આજે પાટણમાંથી શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો. પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે શહેરના ઘી બજારમાંથી એક એફબીઓ પાસેથી વિવિધ ઘીના ચાર નમૂનાઓ તથા ઓઇલના બે નમૂનાઓ લઈ કુલ એક હજાર 59 કિલો ઘી અને 86 કિલો તેલ મળી આવ્યું હતું. ખોરાક અને ઔષધ નિયમન વિભાગે અંદાજે સાડા 6 લાખ રૂપિયાનો જથ્થો જપ્ત કરી વધુ કાર્યવાહી હાથ ધરી.

. . . . . . . . . . . . .

# Chhotaudepur – Bhopal shikshak pratinidhitva

ક્ષેત્રીય શિક્ષ ણ સંસ્થાન ( RIE) ભોપાલ ખાતે પાંચ દિવસિય કાર્યશાળા યોજવામાં આવી હતી. જેમાં દેશના જુદા જુદા રાજ્યોમાંથી શિક્ષકો હાજર રહ્યા હતાં, જે શિક્ષકોમાં છોટાઉદેપુરનાં દિનેશ રાઠવાએ મહુડા અને કેસુંડાની "રાઠવી" બોલીમાં વાત મૂકી, શિક્ષક તરીકે પ્રતિનિધિત્વ કર્યું.

છોટાઉદેપુર જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં સૌથી વધુ આદિવાસી લોકો વસવાટ કરે છે અને સ્થાનિક "રાઠવી" બોલી માંજ વાતચીત કરતા હોય છે , ત્યારે ગુનાટા ગામના શિક્ષક અને સીઆરસી કોર્ડીનેટર દિનેશભાઈ રાઠવાએ બાળકો આનંદમય શિક્ષણ મેળવી શકે તે માટે "રાઠવી"બોલીમાં જ અભ્યાસક્રમ તૈયાર કર્યો છે.

. . . . . . . . . . . . .

# WPL

મહિલાઓની ક્રિકેટ પ્રીમિયર લીગમાં આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં મુંબઇ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. મેચ સાંજે સાડા સાત કલાકે શરૂ થશે. WPLની ત્રીજી સીઝનમાં પાંચ ટીમો રમી રહી છે. ફાઇનલ મેચ 15 માર્ચે મુંબઇનાં બ્રેબોર્ન સ્ટેડિયમમાં રમાશે.

. . . . . . . . . . . . . .